ગાંધીનગર સમાચાર






# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

અટકાવ તું ભલે ને તો પણ ધરાર થાશે
આંખોની જેલ તોડી આંસુ ફરાર થાશે

અહીંયા તો દિવસે પણ અંધારપટ છવાયું
કોઈ કહો ખરેખર ક્યારે સવાર થાશે ?

સમજાવ સ્હેજ એને છેટા રહે નહીંતર
તારા વિચાર મારા હાથેથી ઠાર થાશે

વૃક્ષોની જેમ જીવન જીવવાનું છે , અડીખમ
વરસાદ , ટાઢ , તડકો સઘળુ પસાર થાશે.

કુલદીપ કારિયા

## પાથેય

# અડીખમ લહેરાતું તરણું...

કેટલાંક વિસ્મય એમ ને એમ ધરબાયેલાં જ રહે છે.કોઈ આપણને એના વિશે જણાવે તો આપણી આંખો પહોળી થઈ જતી હોય છે.નાની નાની ઘટનાઓ ઘણી મોટી વાત કરી જાય છે.જગતનો એક નિયમ છે કે સહુ કોઈ પ્રચલિત જે માન્યતાઓ કે માણસો હોય છે એની આસપાસ જ વિચારતા રહે છે..દરેકની પોતાની એક સમજશકિત હોય છે..એની એક સિમિત અનુભૂતિ હોય એ સ્વાભાવિક છે..આપણે બહુ મોટા લોકોની સંઘર્ષકથાઓ કે સાફલ્યગાથાઓ સાંભળી અહોભાવ વ્યક્ત કરીએ છીએ..પંરતુ ઘણીવાર આપણે જેને સામાન્ય કે નાના ગણી નજરઅંદાજ કરતા રહીએ છીએ એવા લોકો પાસે જે જોમ,સાહસ,કે જીવનસમજણ હોય છે એ ગજબ પમાડે એવી હોય છે..ભયંકર ઝંઝાવત કે વાવાઝોડાની થપાટ સામે મોટાં મોટાં વૃક્ષો ધરાશયી થઈ જાય છે..પરંતુ એની સામે કોઈ તુચ્છ લાગતું તરણું અડીખમ બની લ્હેરાતું હોય છે !

કેટલાક માણસોનો જીવનસંઘર્ષ એટલો અદ્ભુત હોય છે કે એ જાણે જિંદગીને પડકાર આપતા હોય એમ લલકાર કરી છે કે આવી જા ગમે તેટલી અડચણો સાથે ! હું નહીં થાકું તું જો થાકી જાય તો કહેજે ! છે ને ખુમારી ? કવિઓ અને સર્જકોમાં આવી ખુમારી સહજ હોય છે..અનેક વ્યથાઓ વચ્ચે પણ એમની સર્જનયાત્રા સતત ચાલતી રહે છે..

સર્જક નાનો હોય કે મોટો મને એનામાં એકસરખી દિલચસ્પી રહેતી હોય છે..ઘણીવાર ઝળહળતી રોશની જેવા સર્જકોની તુલનામાં ઘરદિવડાં જેવા સર્જકો વધારે આનંદ આપી જાય છે..એવું કહેવાય છે કે જેણે એકાદ નાનકડી કવિતા લખી હોય એવો એકલખૂણે બેસીને લખતો કવિ પણ મહાકાવ્ય લખી શકવાની સંભાવના ધરાવતો હોય છે..સર્જકનું કોઇ ગામ નથી હોતું...એ ગમે તે વ્યવસાય,કોઈપણ પ્રદેશ કે કોઈપણ સમાજમાંથી આપોઆપ ઉભરતો હોય છે..જે કોઈ લખે છે એ મારા માટે વિસ્મયનું કેન્દ્ર હોય છે..એને પોંખવામાં હરખપદુડા થઈ જવાની પણ એક મજા હોય છે..

લેખન એવી ચીજ છે કે એ લાંબી સાધના માગે છે..નૈસર્ગિક રૂચિ પણ જરૂરી છે..એ સતત શીખવાની પ્રક્રિયા છે...એટલે કોઈપણ નવલેખક જયારે મને એની કૃતિ બતાવે છે ત્યારે એ પરિપૂર્ણ જ હોય એવી ધારણા હું રાખતો નથી..એ બરાબર વ્યકત થાય એ રીતે હું આત્મીયતાથી એને આવકારૂં છું..આજે નહી તો ભવિષ્યમાં પણ એ કોઈક માતબર સર્જન આપશે એવી ગળાડૂબ શ્રધ્ધા ધરાવું છું..અને એટલે જ નવાસવા લખનારા માટે એક અચરજ આપણામાં સહજ રહેલું હોય છે..

માત્ર સાહિત્ય જ નહીં જીવનના દરેક ક્ષેત્રમાં સામાન્ય લાગતા માણસોની જે શકિતઓ બહાર આવતી હોય છે એ વિસ્મયકારક હોય છે..કુદરતે હૈયું મસ્તક હાથ તમામને આપેલ છે..મોટી લાગતી કોઈ વ્યકિત અન્યની તુલનામાં આપોઆપ નાની જ હોય છે..જગતમાં બધું સાપેક્ષ છે..ઈશ્વર તમામને કોઈક ને કોઈક શકિત આપે જ છે..આવી નાનકડી નજાકત જયારે કોઈ આપણને બતાવે ત્યારે આપણે રોમાંચિત થઈ જતા હોઈએ છીએ !

# વિકટ સ્થિતિમાં વિરલ બનીને જીવતાં કુસુમબહેન પટેલ




કુસુમબહેન પટેલ એટલે પ્રસન્નતા પારાવાર અને આનંદ અનરાધાર.

સંવેદનાથી છલકાતું હૃદય અને હાસ્યથી ખીલેલું વદન એટલે કુસુમબહેન.

એક વાર અમે જમિયતપુરા જતાં હતાં. રવિવારની સવાર હતી. કુસુમબહેનના નિવાસસ્થાનવાળી સોસાયટી આવી એટલે અમે તેમને યાદ કર્યાં. હજી તો અમારા મોંમાં તેમનું નામ હતું અને આગળ નજર કરી તો કુસુમબહેન પટેલ. એક સ્થળે ફૂટપાથ પર પુસ્તકોની પરબ ખોલીને બેઠેલાં. જીવનને અજવાળતાં પુસ્તકોની વચ્ચે બેઠેલાં કુસુમબહેન ખૂબ મીઠાં-મધુરાં લાગેલાં. આજે પણ આંખ બંધ કરું છું ત્યારે મને એ પરગજુ અને સેવાભાવી, સંવેદનશીલ અને પ્રેમાળ કુસુમબહેન જ દેખાય છે. મારા હૃદય-પટારામાં મેં કુસુમબહેન પટેલને આ દશ્ય સાથે સાચવ્યાં છે. કોણ છે આ કુસુમબહેન પટેલ ?

કુસુમ શબ્દનો અર્થ થાય છે ફૂલ, પુષ્પ. પુષ્પનું જીવન બીજાને સુગંધ આપવાનું.

એ પોતાનું અસ્તિત્વ મિટાવી દે પણ સુગંધ બીજાને આપે. બસ, આપણાં લાડલાં-વહાલાં કુસુમબહેનનું જીવન અને કવન પુષ્પ જેવું જ છે. તેમણે પોતાના નામને ચરિતાર્થ કર્યું છે. કહેવાય છે કે પડકારો, કસોટી, અંતરાયો, મુશ્કેલીઓ, દુઃખ, આપત્તિ, વિપત્તિ વિનાનું જીવન હોતું જ નથી. દુનિયાની દરેક વ્યક્તિને પડકારોનો સામનો કરવો જ પડે છે.

કુસુમબહેનના જીવનમાં પણ અનેક પડકારો આવ્યા. તેમણે દરેક પડકારને કહ્યું, ભાઈ, તું આવ્યો ? ભલે આવ્યો મારા બાપ, થોડીક વાર બેસ. ચા-પાણી કરું, પણ મારા જીવનમાં તને લાંબો સમય રહેવા નહીં દઉં. પડકાર પણ વિચારમાં પડી જાય તેવો આનંદી અને પૉઝિટિવ અભિગમ આપણાં આ કલિંદર મિજાજ ધરાવતાં કુસુમબહેનમાં છે. કુસમબહેન નામના ફૂલે ઘણો તડકા-છાયડો વેઠ્યો, પણ તેમણે ક્યારેય પોતાની સુવાસને ઓછી થવા દીધી નથી. તેમનું બાળપણ લાડકોડમાં વીત્યું, કિશોરાવસ્થામાં શિસ્તનાં આગ્રહી ફોઈબા સાથે રહીને તેઓ ટિપાયાં અને ઘડાયાં. લગ્ન પછી વસ્તારી સાસરીમાં બાકી રહેલું ઘડતર સાસુમા તથા જેઠાણીઓ વગેરેએ કર્યું. લગ્ન પછી ભણવાનું પૂરું કર્યું. સ્નાતક થયાં. ઘરસંસારમાં ઓગળી ગયાં. એક દીકરો -દીકરીનાં માતા બન્યાં. પતિનો અત્યંત કડક સ્વભાવ. દીકરો અઢાર વર્ષનો થયો અને કુસુમબહેનને પુનઃ ભણવાની ઈચ્છા થઈ. કુસુમબહેન તો નિતનવું શીખનારાં. નદી જેવાં. સતત વહેતાં રહેવાનું તેમને ગમે. ઘરે બેસીને એમ.એ.નો અભ્યાસ કર્યો. આદર્શ અમદાવાદ સંસ્થામાં જોડાઈને ટૂંકા ગાળાના વિવિધ અભ્યાસક્રમો કર્યા. અને અચાનક એક મોટો અંતરાય આવ્યો. કુસુમબહેને કૅન્સર થયું. પૉઝિટિવિટી, દઢ મનોબળ અને તબીબી સારવારની મદદથી તેમાંથી બહાર આવ્યાં.





એ પછી તો જીવન જીવવાનો જુસ્સો વધી ગયો. અનેકવિધ સામાજિક, ધાર્મિક, સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સક્રિય વૃદ્ધ એટલે સમૃદ્ધ થવું એ અર્થને કુસુમબહેન જીવી રહ્યાં છે. તેમનું પિયર ઊંઝા. તેમના પિતા પ્રતિષ્ઠિત વેપારી. ગામમાં વેપાર-વ્યવસાય, સામાજિક, સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય નેતાગીરીને કારણે સરદારના હુલામણા નામે ઓળખાતા અંબાલાલભાઈ તથા માતા જીવીબહેનના ઘરે ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૫૧ના રોજ કુસમબહેનનો જન્મ થયો. ચાર પુત્ર પછીનું પાંચમું સંતાન દીકરી પિતા માટે સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર હતી. માતાપિતા દીકરીને ફૂલની જેમ સાચવતાં. કુસમબહેન ભણવામાં તેજસ્વી હતાં. એ પછી ઉમતામાં ગંગાસ્વરૂપ ફોઈબા પાર્વતીબહેનના હાથ નીચે અને હૃદય સાથે તેમનું વિશેષ ઘડતર થયું. ભણવામાં કાયમ પ્રથમ નંબર લાવતાં. ખેતીકામ પણ કરતાં. શાળા કક્ષાએ રમત-ગમતમાં પણ ભાગ લેતાં અને જીતતાં. ૧૯૬૮માં તેઓ એસ.એસ.સી.માં હતાં એ દરમિયાન મધ્ય પ્રદેશના રાયપુરમાં ખોખોની રમત રમવા ગયાં હતાં. દસમું સરસ રીતે પાસ કર્યું. પાછાં ઊંઝા માતા-પિતા પાસે આવ્યાં. અગિયારમા ધોરણનું ભણતર શરૂ થાય એ પહેલાં વેવિશાળ નક્કી થઈ ગયું. એ પછી એક વર્ષ ભણ્યાં અને કુસમબહેનનાં લગ્ન થયાં રાંધેજાના રમેશભાઈ પરષોત્તમદાસ પટેલ પરિવારમાં. અત્યંત પ્રતિષ્ઠિત અને વેપાર-વણજવાળો બહોળો પરિવાર. કુસુમબહેન સાસરીમાં સૌથી નાનાં હતાં. જે જે નહોતું આવડતું તે બધુ શીખ્યાં. લગ્ન પછી ભણીને તેઓ ગુજરાતી વિષય સાથે સ્નાતક થયાં.

સમયના પ્રવાહમાં કુસુમબહેન પાકટ ગૃહિણી બની રહ્યાં હતાં અને એમણે માતૃત્વ ધારણ કર્યું. તેઓ એક પુત્ર દેવેન અને પુત્રી સોનાલીનાં માતા બન્યાં. બંને સંતાનોના ઉછેરમાં કુસમબહેન ઓતપ્રોત હતાં. એમનાં સંતોનોની સાથે કુસમબહેન અને એમના જેઠાણી મંગુબહેન બંને અમદાવાદ રહીને કુટુંબના કુલ ૧૮ છોકરાઓને એક રસોડે જમાડીને સાચવતાં હતાં. જીવન નદીના પ્રવાહની જેમ વહેતું હતું અને અચાનક વળાંક આવ્યો. સાસરિયામાં મોટા ભાઈઓએ જુદાં થવાનો નિર્ણય લીધો. સૌ જુદાં પડ્યાં, એ સહજ હતું, પરંતુ કુસુમબહેન અને એમના પતિના ભાગે ભાગ સાથે અન્યાય પણ આવ્યો. જીવનનું વહેણ ફંટાયું. રમેશભાઈને બૅંકમાં નોકરી હતી, પરંતુ ઘર, કુટુંબને સ્થિર કરવા માટે તેમણે નોકરી ઉપરાંત નાના પાયે વ્યવસાય શરૂ કર્યો. કુસુમબહેન માટે ફૂલ ઊડીને કાંટાની વાડમાં પડ્યા જેવું થયું. તેઓ ઘર, બાળકોને સાચવીને પતિને મદદ કરતાં રહ્યાં. બિયારણ, સૂકાં મરચાં, ઘી અને ચા જેવી વસ્તુઓ વેચવાનો વેપાર કર્યો. સતત સંઘર્ષને કારણે રમેશભાઈને ૧૯૮૩માં હૃદયરોગનો હુમલો આવ્યો. કુસમબહેન તો ડરી જ ગયાં. પોતાની ઉંમર નાની, બાળકો નાનાં. હવે શું થશે?ની ચિંતા સતત કોરી ખાતી હતી. ચેન્નાઈની પ્રસિદ્ધ હૉસ્પિટલમાં રમેશભાઈની બાયપાસ સર્જરી થઈ. ભવિષ્યનો વિચાર કરીને કુસુમબહેને દીકરો અઢાર વરસનો થયો ત્યારે ઘેર બેઠાં એમ.એ.નો અભ્યાસ કર્યો. એમ.એ. પાસ કર્યું એટલે કુસુમબહેન ફરીથી ખીલ્યાં. તેમનો આત્મવિશ્વાસ જીવંત થયો. હવે નવું કંઈક કરવાની ઈચ્છા થઈ.

સમય થતાં દીકરી સોનાલીને અમદાવાદના કલ્પેશભાઈ પટેલ, સમાજમાં પાંચ ઘરે પુછાય એવા ઘરે પરણાવી. દીકરો ભણીને પોતાના કારોબારમાં સ્થિર થયો. એ પછી તેનાં લગ્ન કર્યાં. કુસુમબહેનને પ્રેમાળ પુત્રવધૂ નિધિબહેન મળ્યાં. જીવનમાં સ્થિરતાની સાથે હળવાશ અને નવરાશ પણ મળી. અત્યાર સુધી ઘર, કુટુંબ, સંતાનોમાં ઓગળી ગયેલાં કુસુમબહેન ફરીથી જીવંત બન્યાં.

૨૦૦૯માં કુસમબહેને કૈલાસ માનસરોવરની યાત્રા કરી. એ પછી એક દિવસ તેમને સાથળમાં ગાંઠ દેખાઈ. નિદાન થયું. રિપોર્ટમાં ત્રીજા સ્ટેજનું કૅન્સર આવ્યું. કુસુમબહેન અને કુટુંબીજનો હલી ગયાં, પણ વાસ્તવિકતા સ્વીકારી જીવનને આગળ ધપાવવા તરફનો નિર્ણય થયો. કિમો થેરપીની અસહ્ય પીડામાંથી કુસુમબહેનને પસાર થવાનું બન્યું. એ દિવસોને યાદ કરતાં કુસુમબહેન કહે છે કે, ભગવાને મને કૅન્સર આપ્યુ, પણ સર્જરી વગર મટી જાય એવું આપ્યું. કિમોથેરપી લીધી, મારા વાળ તથા શરીર ઉપર તેની પ્રભાવક અસર થઈ. મેં નક્કી કર્યું હતું કે મારે આમાંથી બહાર આવવું જ છે, એટલે હું મનથી મજબૂત રહી અને ઘરના સભ્યોની હૂંફ, ડૉક્ટરોની ઉત્તમ સારવારથી મને નવું જીવન મળ્યું.

૨૦૧૨માં અમદાવાદમાં ચાલતી સંસ્થા આદર્શ અમદાવાદના સંપર્કમાં કુસુમબહેન આવ્યાં. અને પછી તો એમને જાણે જીવનની દિશા મળી ગઈ. કમ્પ્યૂટર, ઇંગ્લિશ સ્પીકિંગ, ટીઓટી વગેરેના ટૂંકા ગાળાના અભ્યાસ કર્યા. આદર્શ અમદાવાદના સ્થાપક ભરતભાઈ શાહ કુસુમબહેનને થલતેજ વિસ્તારનાં રાણી (ઝાંસી) કહે છે. હવે તો કુસમબહેન ગમતાંનો ગુલાલ કરે છે. તેઓ સંગાથ સિનિયર સિટિઝન ગ્રુપ સાથે જોડાયેલાં છે. ધરતી વિકાસ મંડળ સંસ્થામાંથી હાર્મોનિયમ વગાડતાં શીખ્યાં છે. ગરબા રમવા, સંગીત, વાચન, પ્રવાસ, ફોટોગ્રાફી વગેરેનો શોખ કુસુમબહેનને હંમેશાં તરોતાજાં રાખે છે. 'ધરતી' તથા અન્ય સામયિકોમાં એમના લેખો પણ પ્રકાશિત થયા છે. પોતાના શોખ જીવવાની સાથે તેઓ પોતાની રીતે અને પ્રીતે સમાજસેવાની પ્રવૃત્તિઓ પણ કરે છે. આદર્શ અમદાવાદના સ્વયંસેવક તરીકે, પુસ્તક પરબ જેવી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત અને મસ્ત રહે છે. નવા-નવા લોકોને મળવું, નવું જાણવુ, શીખવું અને જીવનની દરેક ક્ષણને માણવી એ હવે કુસુમબહેનનો જીવનમંત્ર છે. એમના આનંદ માટે પતિ, દીકરો, પુત્રવધૂ, પૌત્ર અર્થ અને દોહિત્ર રુદ્ર તથા દીકરી-જમાઈ પણ એમને યથાયોગ્ય સહયોગ આપતાં રહે છે.

તેમના પતિનું ૭૭ વર્ષની વયે ૧૫ જૂન, ૨૦૨૩ના રોજ હૃદય રોગનો હુમલો આવતાં મૃત્યુ થયું. કુસુમબહેન સહિત આખો પરિવાર એ વખતે અમેરિકામાં હતો. તેમના પતિ અન્ય સગાં સાથે અમદાવાદમાં હતા. મારતે વિમાને આખો પરિવાર અમદાવાદ આવ્યો.

અનુસંધાન પાના નં. ૭ પર

# મા-બાપ અને શિક્ષકો એ બાળકોને કેળવણી આપવા માટે પ્રથમ પોતાની જાતને કેળવવી જોઈએ




આજે શિક્ષણનું મુખ્ય કામ
અન્યાય સામે લડવાનું શીખવવાનું છે.
આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી,
એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી
સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને
અન્યાય-નિવારણ સામે લડત આપે.
શિક્ષણનું ખરું કામ આ છે :
ભણેલો માણસ શૂરવીર હોય
શિક્ષણ ખાતર શિક્ષણ નહીં,
સાહિત્ય ખાતર સાહિત્ય નહીં,
સેવા ખાતર સેવા નહીં
આ ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ,
માણસ બેઠો થવો જોઈએ.
આવી તાકાત જો ન નીપજતી હોય,
તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.

- મનુભાઈ પંચોળી

આજના યુગમાં કેળવણી, શિક્ષણ અને બાળ-ઉછેર આ દરેક બાબતમાં ઘણા ફેરપારો આવ્યા છે. આજની જનરેશન ખૂબ સ્માર્ટ છે. નાનપણથી જ મોબાઈલ, ઈન્ટરનેટ, ટીવી તેમજ લેપટોપ પર ગેમ્સ રમે, વિકિપીડીયા તેમજ ગુગલ પર જે કંઈ જાણવું હોય તે સર્ચ કરીને તેના વિશે વિગતવાર માહિતી મેળવી શકે છે! પણ સતત તમામ બાળકોમાં એક પ્રકારનું 'પરફોર્મન્સ પ્રેશર' જોવા મળે છે! એકાદ માર્ક ઓછો આવે તે તેમને મંજૂર નથી! સફળતા પચાવવી જેમ અગત્યની છે તેમ જ નિષ્ફળતાને જીરવતાં શીખવું પણ એટલું જ મહત્ત્વનું છે! જીવનમાં જે કંઈ પણ બને કે જે પણ પ્રાપ્ત થાય તેનો સ્વીકાર કરતાં શીખવું આજની જનરેશન માટે અત્યંત આવશ્યક છે! ખેલદિલીપૂર્વક અન્યની જીતમાં પણ ખુશ થતાં શીખવું એ પણ શીખવું જરુરી હોય છે! શિક્ષણનો હેતુ છે માણસને બળ આપવું, આત્મનિર્ભર બનાવવો અને આત્મવિશ્વાસુ બનાવવો!

દરેક સમયમાં, ઉંમરમાં આગળ વધેલા અમુક લોકો એવા હોય છે જે હંમેશા ફરિયાદ કરતા હોય છે કે પોતાના સમયમાં હતું તે ભણતર હવે રહ્યું નથી. અમુક અર્થમાં આ વાત સાચી પણ છે : પહેલા નાના-નાના ધોરણમાં પણ અમુક વિષયો ખૂબ જ ચીવટથી અને ચોકસાઈથી ભણાવવામાં આવતા કે જે આજીવન બાળકની એક અલગ પ્રતિભા વિકાસાવવામાં મદદરુપ બનતા. પણ હવે એજ્યુકેશન ગ્લોબલ બન્યું છે, વૈશ્વિક સ્તરે વિકસ્યું છે! એક જ વિષયના પુસ્તક પર આધારિત કેટલીય રેફરન્સ બુક્સ માર્કેટમાં ઉપલબ્ધ બની છે. જેના પરિણામે, પાઠ્યપુસ્તકનો તો જાણે કોઈ રોલ જ ન હોય તેમ વિદ્યાર્થીઓને લાગે છે! ઘણા વિદ્યાર્થીઓ તો આખા વર્ષમાં એકાદ વાર પણ ટેક્સ્ટબુક્સને અડ્યા વિના જ ભણ્યા હોય તેમ બને છે! વિદ્યાર્થી એ પરીક્ષાર્થી બની ગયો છે. ત્રણ કલાકની પરીક્ષા પર આખા જીવનનો આધાર રહેતો હોય છે. બાળકના મનમાં પરીક્ષા અંગેની કેટલીય નકારાત્મક વિકૃતિઓ ઘૂમતી હોય છે. પરીક્ષાનો હાઉ તેના પર એટલો હાવી થઇ જાય કે તે ન કરવાના કાર્યોમાં પોતાનું મન પરોવે અને પરિણામે પોતાનામાં રહેલી શક્તિઓનો દુર્વ્યય અને ખોટા રસ્તે તેનો ઉપયોગ કરતો બની જાય! વિદ્યાર્થીને આપણે ત્યાં ઉપલબ્ધ બનેલી સમૃદ્ધ લાઈબ્રેરીઝનો ઉપયોગ કરતો કરવો તે શિક્ષક તેમજ મા-બાપ બંનેની સહિયારી ફરજ છે. તેના હાથમાં ઈલેકટ્રોનિક ગેઝેટ્સ આપી દેવાથી આપણી ફરજ પૂરી થઈ જાય છે તેમ માનવું ભૂલભરેલું છે. પરસ્પર વિચારોનું આદાનપ્રદાન તેમ જ રસ-રૂચિના વિષયો અંગેની ચર્ચા એ હવે સાવ લુપ્ત બની જતી બાબત જણાય છે! બાળક પોતાની સાથે સગાસંબંધીઓના ઘરે કે બીજે કયાંક આવવાની આનાકાની કરે તેમાં મા-બાપે ખુશ થવાની કે નિરાંત અનુભવવાની ન હોય કારણ આ જ બાબત આગળ જતાં બાળકને એકલવાયો અને અંતર્મુખી બનાવી શકે છે! કાકાસાહેબ કાલેલકર લખે છે કે, ''આજે જે સદ્ગુણો સમાજના હાડમાં પચી ગયેલા દેખાય છે, તે એકાદ જમાનાના જબરદસ્ત પ્રચારને લીધે જ લોકસહજ થયેલા છે. માંસાહારનો ત્યાગ, અતિથિ સત્કાર, ભાઈ-બહેનનાં લગ્નનો અભાવ, વહેવારમાં જળવાતું ઘણુંખરું પ્રામાણિકપણું - એ બધા સદ્ગુણો સમાજે કેળવણીથી સિદ્ધ કરેલા છે.''' આપણે આપણા બાળકોને આ પ્રકારની કેળવણી આપવાની અનિવાર્ય જરૂરિયાત આજે ઊભી થઇ છે. માનો કે તમે તમારા બાળક માટે કોઈ એક જ વસ્તુ કરવા ધારો તો શું કરશો? નક્કી કરો કે તેમને મારશો નહીં. બાળક પર હાથ ઉગામવો એ સદંતર તેના આત્મસન્માન પર એક પ્રહાર સમાન છે. તેના માટે કોઈ બે જ વસ્તુ કરવા ઈચ્છો તો શું કરશો? એક તો તેને વઢવું નહીં અને તેનું અપમાન કરવું નહિ. સામાન્ય રીતે આ વાત આપણને અશક્ય લાગે

પણ તેને સમજાવવાની કોઈ અન્ય રીત તમે શોધી જ લેશો જયારે આ બંને બાબતો તમારા માટે વર્જ્ય બનશે! હવે કોઈ ત્રણ વાત કરવા ઈચ્છો તો શું કરશો? બાળકને બીવડાવશો નહિ, લાલચ આપીને સમજાવો કે બેટા-બેટા કરીને તેની બધી જિદ્દ માનીને તેને માથે ન ચડાવી મૂકો. સમયના અભાવે અને આર્થિક સદ્ધરતાને કારણે આજકાલ આ બાબત ખૂબ મોટા પાયે વિકસી છે. બાળકની તમામ જરૂરિયાતો સંતોષવા મા-બાપ ગમે તે ભોગે કટિબદ્ધ બને છે. અને પરિણામે, કોઈ વસ્તુ વગર ચલાવી લેતાં તે કયારેય શીખી શકતું જ નથી. આગળ જતાં તેની જરૂરિયાતો વધતી જાય અને સંતુષ્ટ ન થાય ત્યારે તેને ઊંધા રવાડે ચડતા વાર નથી લાગતી. હવે એવી ચાર બાબતો : બાળકોને વારંવાર શિખામણ ન આપવી, વારંવાર પેમ્પર ન કરવું, વારે વારે વાંક ન કાઢવો અને વારંવાર તેના પર રોફ ન જમાવવો. બાળક એ તમારી મિલ્કત નથી પણ એક જીવતું જાગતું સ્તવંત્ર અસ્તિત્વ છે.

તેની પાસે કંઈક કરાવવું હોય તો તેના માટે દાખલારુપ બનીએ તેના પર શિખામણનો વરસાદ ન કરીએ! આજના યુગમાં શિખામણ સાંભળવું કોઈને પણ ગમતું નથી. પહેલાં તો આમાન્યા અને મર્યાદા હેઠળ પણ બાળકો શાંતિપૂર્વક વડીલોને સાંભળી લેતા પણ હવે તો એ સમય પણ કોઈની પાસે છે જ કયાં? બાળક તમને તરત જ મોઢે જ ખરાબ લાગે તે રીતે ના પાડી દેતાં અચકાતું નથી. માટે અમુક બાબતો એને જાતે જ સમજાશે એમ માનીને તેનામાં વિશ્વાસ મૂકવો! હવે એવી પાંચ અંતિમ બાબતો કે જે તમારે તેમના માટે કરવી તે છે : બાળકને તે જે માગે તે લાવી ન દેવું, પણ તેને તે કરતાં શીખવવું, તેને સમજાવવું કે તે જે માગી રહ્યું છે તેને મેળવવાની લાયકાત તેણે કેળવવી પડશે! ત્યારબાદ બાળકને તે જે કરવા ઈચ્છે છે તે કરવા દેવું ભલે તેમ કરતાં તેને બરાબર ન આવડે તો પણ તેનો આત્મવિશ્વાસ તોડી ન પાડવો! બાળકના કામને હલકું કે તુચ્છ ન ગણવું, તે જે કરે તેને પ્રોત્સાહિત કરવું. તેના કામમાં વચ્ચે ન પડવું, તેના કામનું નિરીક્ષણ કરવું પરંતુ તેને જાતે જ પોતાની રીતે કામ કરવાની ટેવ પાડવી. અને અંતિમ બાબત છે તેની પાસેથી કયારેય તેનું કામ છિનવી ન લેવું. તને નહિ ફાવે કે તું નહિ કરી શકે જેવા શબ્દો તેના મન પર ઊંડો ઘાવ કરી જાય છે.

મા-બાપોને અને શિક્ષકોને એ વાતની ખબર હોવી જોઈએ કે બાળકને કેળવણી આપવા માટે પ્રથમ પોતાની જાતને કેળવવી જોઈએ, પોતાના વિષે સભાન બનીને, પોતાના પર પ્રભુત્વ મેળવવું જરુરી છે કે જેથી પોતે બાળક સામે એક ખરાબ દેષ્ટાંતરુપ ન બની રહે. ખરી કેળવણી - અસરકારક કેળવણી દેષ્ટાંત મારફતે જ અપાય છે. કદી ભૂલવું નહીં કે બાળકને આ જગતમાં જન્મ આપીને તેના પ્રત્યેની એક ફરજ નોતરી છે. એ ફરજ ઉત્તમ રીતે ઉદા કરવાની એકમાત્ર રીત એ જ છે કે તમે પોતે ઉત્તમ બનો.

- nehalgadhavi101@gmail.com

# ડેટા પ્રોટેક્શન બીલ, ૨૦૨૩

ડેટા પ્રોટેક્શન બીલ, ૨૦૨૩ લોકસભામાં તાજેતરમાં બહુમતીથી પસાર થઈ ગયું, હવે તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવશે, પરંતુ આ બીલથી પ્રાયવસી અને નૈતિક અધિકારનાં ઉલ્લંઘન સમાન વિરોધ પક્ષે ગણાવી વિરોધ શરૂ કરેલ છે. આ બીલ પસાર થતાં આર.ટી.આઈ. એકટ નબળો પડવાનો ભય રહેલ છે. તેમજ આર.ટી.આઈ. કાયદાની કલમ-૮(૧) માં પણ જરૂરી સુધારો કરવો પડશે. ત્યારબાદ જ તેને અમલમાં લાવવામાં આવશે.

વિધેયક વ્યક્તિને તેનાં વ્યક્તિગત ડેટાની સુરક્ષાનો અધિકાર આપે છે. તેમજ કાયદેસરની ડેટાનાં ઉપયોગ માટે માન્યતા પણ આપે છે.

જનતા, ઔદ્યોગિક એકમો સંગઠનો મળી ૩૮ મંત્રાલયનાં સુચનો સ્વીકારી ડેટા પ્રોટેકશન એકટ, બહાર પાડવામાં આવેલ છે.

આ વિધયેકમાં યુઝર્સનાં ડેટા લીક કરવામાં આવે કે કંપની દ્વારા નિયમ તોડવામાં આવે તો તે કંપનીને ૨૫૦ કરોડ સુધીનાં દંડની જોગવાઈ કરેલ છે. કોઈ વિવાદ સર્જાય તો ડેટા પ્રોટેક્શન બોર્ડ આ સંદર્ભમાં પોતાનો નિર્ણય લેશે. નાગરિકોને સિવિલ કોર્ટમાં જઈ નુકશાન વળતર મેળવવાનો પણ અધિકાર આ બીલમાં આપવામાં આવ્યો છે. ઓનલાઈન તથા ઓફલાઈન આવી સગવડ પૂરી પાડવામાં આવશે. વિદેશમાંથી ભારતીયોનું પ્રોફાઈલીંગ કરવામાં આવી રહ્યું હોય કે ગુડ્સ કે સર્વિસ અપાઈ રહી હોય તેને પણ આ નિયમ લાગૂ કરવામાં આવ્યો છે. આ બીલમાં ઉપયોગ કર્યોની સહમતી હોય તો જ ડેડા પ્રોસેસ થઈ શકે છે.

## આર.ટી.આઈ. કાયદાની કલમ-૮(૧)માં સુધારો




કોઈપણ ડેટા કાનૂની કે વ્યવસાયિક હેતુ માટે જરૂરી ના હોય તો યુઝર્સે પોતાની પાસે નાં રાખવો જોઈએ. નવું વિધેયક સોશ્યલ મિડિયા કંપનીઓ ઉપર લગામનું કામ કરશે.

રાષ્ટ્રીય સુરક્ષાનાં કાયદા મુજબ એજન્સીઓને ડેટાનો ઉપયોગ કરવાની છૂટ મળશે. આઈ.ટી.આઈ. અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૮૧(૧)(જે) માં સુધારો કરવાની જોગવાઈ છે. નવા વિધેયક મુજબ બાળકોનાં ડેટા સુધી પહોંચવા માટે માતા થવાની સહમતી જરૂરી બની રહેશે.

વિધેયમ સંસદમાં પસાર થયા પછી તમામ નાગરિકોનાં અધિકારોનું રક્ષણ કરશે. વ્યવસાયિક ઉપયોગ માટે કોઈપણ યુઝર્સનાં ડેટાનો ઉપયોગ કંપની કે એજન્સી કરી શકશે નહી.

એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાએ પણ નવા વિધેયકને મૌલિક અધિકાર ઉપર તરાપ સમાન બતાવેલ છે. પ્રેસની સ્વતંત્રતા ઉપર પ્રતિકૂળ પ્રભાવ સર્જી શકે છે. યૂઝર્સને પોતાનો અંગત ડેટા સુધારવાનો કે નાશ કરવાનો અધિકાર મળવાથી આઈ.ટી. એકટ તથા ભોગ બનનારને સહન કરવું પડશે તથા આઈ.ટી. એકટની કલમ-૮(૧) નાં ભંગ સમાન ગણાવેલ છે.

નવા બીલની સ્વતંત્રતાનો અધિકાર મજબૂત થશે નહી કે માહિતી અધિકારનો માહિતી અધિકાર ના કાયદા મુજબ યૂઝર્સની અંગત માહિતી મેળવવામાં તકલીફ પડશે. નવા વિધેયકથી અર્થતંત્રમાં ગતિ આવશે તેમ મનાય છે.

સ્વતંત્રતા અધિકારની સુરક્ષા કરવાને બદલે ડેટા પ્રાપ્ત કરવાને કાયદેસર બનાવવાનો ઉદ્દેશ સિધ્ધ થશે, રાઈટ ટૂ પ્રાઈવસી આપણા જીવનમાં સરકારી ઘૂસણખોરીથી બચવા માટે હોવો જોઈએ. દા.ત. મનરેગા તથા શ્રમિક ખર્ચે ઉપર પહેલા આર.ટી.આઈ. એકટ મુજબ માહિતી મેળવી શકાતી, બીજી બાજુ વીમા જેવી લોભામળી કંપનીઓ ઓફરો આપી મહેનતની કમાણી બનતાની છીનવી શકે છે.

આઈ.ટી. એકટની કલમ-૪(૨) મુજબ કાયદેસરનાં ઉદ્દેશોની વ્યાપક વ્યાખ્યા આપવામાં આવી છે. કાયદા મુજબ સ્પષ્ટપણે પ્રતિબંધિત ના હોય તેવા કોઈપણ હેતુ એટલે કે મજૂરી, પેન્શન કે સરકારી પોર્ટલ ઉપરથી લાભાર્થીઓના મોબાઈલ નંબર પ્રાપ્ત કરવા સ્પષ્ટપણે પ્રતિબંધિત નથી તેથી ટેડાને સુરક્ષીત રાખવાનો વ્યક્તિગત અધિકાર અને કાયદેસરનાં ઉદ્દેશોનાં ધારા-ધોરણ આ બિલમાં સચવાશે કે કેમ ? તે શંકા છે. ટૂંકમાં ટેડા માઈનીંગ ચાલુ રહી શકે છે. તથા કલમ-૩૫ કેન્દ્રને સત્તા આપે છે કે કોઈ બોર્ડ કોઈ સંસ્થા કે અન્ય કોઈને એવી માહિતી સુધી પહોંચ આપે છે તે માંગી શકે છે.

આર.ટી.આઈ. એકટની કલમ-૮માં કેટલીક માહિતી પ્રગટ કરતા રોકવાની જોગવાઈ છે. જયારે નવા વિધેયકમાં કમલ-૮(૧)(જે) ના આધારે માહિતી આપવાની છૂટ અપાય છે. તેથી હવેથી કોઈ વ્યક્તિને ડેટા આપના ના પાડી શકાશે નહી. તેથી આર.ટી.આઈ. નબળો પડશે. ડેટા પ્રોટેકશન બોર્ડમાં સરકારનાં જ પ્રતિનિધિત્વ હશે તેથી વ્યવસ્થા નબળી પડશે, પરંતુ નાગરિકોનાં પ્રાઈવસીનો અધિકાર સંપૂર્ણપણે જણવાશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in